| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૭-૦૩-૨૦૨૬ |
| રજીસ્ટર તારીખ | ૦૭-૦૩-૨૦૨૬ |
| નિકાલ તારીખ | ૧૧-૦૩-૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| | ૦૦ ૦૦ ૦૪ |

**અમદાવાદ(ગ્રામ્ય)ના આઠમા અધિક સત્ર ન્યાયાધીશ**

**(શ્રી પી. પી. જાડેજા) સાહેબની અદાલતમાં મુ. ધોળકા.**

**ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૮૨/૨૦૨૬**

**આંક-**

**અરજદાર/આરોપીઃ-**
**આકાશભાઈ સ/ઑફ કિશનભાઈ મગનભાઈ ઠાકોર**
ઉ.વ.૩૨, ધંધોઃ મજુરી,
રહે. મતિયાવાસ, બાવળા,
તા. બાવળા, જિ. અમદાવાદ
(હાલ જ્યુડીશીયલ કસ્ટડી, મધ્યસ્થ જેલ સાબરમતી, અમદાવાદ)

**વિરૂદ્ધ**

**સામાવાળાઃ-**

નામ. સરકારશ્રી

**બાબતઃ-** **બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા બાબત અરજી.**

**અરજદાર તરફે વિ. વ. શ્રી આર. આર. પટેલ**
**સામાવાળા તરફે વિ. એ. જી. પી. શ્રી જે. સી. પટેલ**

**હુકમ**

**(૧)** જામીન અરજી તથા અરજદાર તરફે રજૂ દસ્તાવેજી પુરાવા વિગેરે વંચાણે લીધા. તપાસ કરનાર અમલદાર દ્વારા રજૂ કરવામાં આવેલ સોગંદનામું, પોલીસ પેપર્સ વિગેરે વંચાણે લીધા. અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીને તથા સામાવાળા તરફે વિ.એ.જી.પી.શ્રીને સાંભળ્યા.

(૨) હાલના અરજદાર/આરોપી તરફે બાવળા પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૧૯૨૦૦૮૨૫૦૬૪૬/૨૦૨૫, પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧ તથા ૯૮(૨) મુજબના ગુનાનાં કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયે જામીન ઉપર મુક્ત થવા માટે હાલની અરજી કરેલ છે.

(૩) અરજદાર/આરોપી સામેના મુખ્ય આક્ષેપો સંક્ષિપ્તમાં જોતાં, આરોપી સંજયભાઈ ઉર્ફે કેકડો સ/ઓ મહેશભાઈ ઠાકોર તથા આકાશ કીશનભાઈ ઠાકોર તથા ચીંટુ ઉર્ફે પંકજ ઠાકોર નાઓએ તા.૨૧/૧૧/૨૦૨૫ ના કલાક ૧૬/૫૦ વાગ્યે મોજે બાવળા સુથારવાસ ચીંટુ ઉર્ફે પંકડ ઠાકોરના ઘરની બાજુમાં આવેલ ખુલ્લા પ્લોટમાં તા.બાવળા ખાતે નાઓએ પોતાના કબ્જા ભોગવટાવાળી એક સફેદ કલરની આઈ–૧૦ ગાડી જેઓ આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબર જીજે–૩૮–બીજી–૭૦૩૧ છે જેની શીટો ઉપર અલગ અલગ બ્રાન્ડની ભારતીય બનાવટના વિદેશી દારૂ જેમાં બ્લેન્ડર પ્રાઇડ સીલેક્ટ પ્રીમીયમ વ્હીસ્કી ૭૫૦ મી.લી. બોટલ નંગ ૨૪ કિં. રૂા. ૪૮,૦૦૦/– તથા રોયલ સ્ટેગ ડીલક્સ વ્હિસ્કી ૭૫૦ મી.લી. બોટલ નંગ ૨૪ કિં. રૂા.૩૧,૨૦૦/– તથા ગ્રીન લેબલ ધ રીચ બ્લેડ વ્હીસ્કી ૭૫૦ મી.લી. બોટલ નંગ ૧૨ કિં. રૂા. ૧૩,૨૦૦/– તથા કીંગફીશર સુપર સ્ટ્રોંગ પ્રીમીયમ બીયર ૫૦૦ મી.લી. ટીન નંગ ૨૧૬ કિં. રૂા. ૪૭,૫૨૦/– તથા રોયલ સ્ટેગ ડીલક્સ વ્હીસ્કી ૧૮૦ મી.લી. બોટલ નંગ ૧૪૪ કિં. રૂા. ૪૬,૮૦૦/– તથા કીંગફીશર સુપર સ્ટ્રોંગ પ્રીમીયમ બીચલ ૬૫૦ મી.લી. ટીન નંગ ૨૪ કિં. રૂા. ૬,૭૨૦/– તથા ટુરબો પ્રીમીયમ બીયર સ્ટ્રોંગ ૬૫૦ મી.લી. ટીન નંગ ૨૪ કિં. રૂા. ૬,૭૨૦/– તથા ઓલ સીઝન ગોલ્ડન કલેક્શન રીઝર્વ વ્હીસ્કી ૧૮૦ મી.લી. બોટલ નંગ ૪૮ કિં. રૂા. ૧૬,૮૦૦/– તથા મેકડોવેલ્સ નં વન સેલેબ્રેશન ત્રીપલ એક્સ રમ ૧૮૦ મી.લી. બોટલ નંગ ૯૬ કિં. રૂા. ૨૬,૪૦૦/– તથા સીગ્નેચર રેર એઝ વ્હીસ્કી ૭૫૦ મી.લી. બોટલ નંગ ૧૦ કી.રૂા.૨૫,૦૦૦/– મળી કુલ નંગ ૬૬૨ કંપની શીલબંધ બોટલો મળી કુલ કિંમત રૂા. ૨,૬૪,૩૬૦/– તથા એક સફેદ કલરની આઇ ટેન ગાડી જેનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબર જીજે–૩૮–બીજે–૭૦૩૧ છે અને જેની આશરે કિં. રૂા. ૩,૦૦,૦૦૦/– ની ગણી કુલ કિં. રૂા. ૫,૬૪,૩૬૦/– ની મત્તાનો પ્રોહી મુદ્દામાલ વગર પાસ પરમીટે ગેર કાયદેસર રીતે

વેચાણ કરવાના ઈરાદે રાખી રેઈડ દરમ્યાન હાજર નહીં મળી આવી ગુનો કર્યો હોવાનો ફરિયાદપક્ષનો કેસ છે.

(૪) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ દલીલ કરતાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. અરજદાર/આરોપી વિરૂદ્ધ પ્રથમ દર્શનીય કેસ નથી. ફરિયાદીની ફરિયાદ લક્ષમાં લેતાં, અરજદારનો કોઈ સ્પષ્ટ રોલ કે તેણે ભજવેલ ભૂમિકાનો કોઈ ઉલ્લખ કરેલ નથી. અરજદારના પ્રત્યક્ષ કબજા ભોગવટામાંથી કોઈ પણ પ્રકારનો મુદ્દામાલ રીકવર કરેલ નથી તેમજ અરજદાર પાસેથી કોઈ રીકવરી કે ડીસ્કવરી કરવાની બાકી રહેતી નથી. અરજદાર/આરોપી તેમના વતનના કાયમી રહેવાસી છે તેમના વતનમાં સ્થાવર–જંગમ મિલકતો ધરાવે છે ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી. અરજદાર સામે ચાલતી પોલીસ તપાસ પૂર્ણ થઈ ગયેલ છે તેમ છતાં તેઓ તપાસમાં સાથ સહકાર આપવા તૈયાર છે. અરજદાર પર તેમના કુટુંબની જવાબદારી રહેલી છે. તેમજ અરજદાર/આરોપી નામ. કોર્ટ ફરમાવે તેવા જામીન આપવા તથા શરતોનું પાલન કરવા ખુશી છે. સદર તમામ હકીકત ધ્યાને લઈ, અરજદાર/આરોપીને યોગ્ય શરતોને આધીન જામીન ઉપર મુક્ત કરવા રજૂઆત કરેલ છે.

(૪.૧) ફરિયાદપક્ષ તરફે વિ.એ.જી.પી.શ્રી જે.સી.પટેલે અરજીનો વિરોધ કરી મહદઅંશે તપાસ કરનાર અમલદારે રજુ કરેલ સોગંદનામાની વિગતો રીફર કરી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી વિરદ્ધ ફરિયાદ મુજબનો પ્રથમ દર્શનીય ગુનો બને છે. અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવામાં આવશે તો તે ફરીથી આવી ગેરકાયદેસર પ્રવૃત્તી ચાલુ રાખે તેવી પુરેપુરી શક્યતા રહેલી છે. હાલના અરજદાર તથા સહ આરોપી એક બીજાના કુટુંબી ભાઈઓ છે અને વિદેશી દારૂના વેચાણ કરવાની ટેવવાળા છે અને કોઈ મોટા બુટલેગર સાથે સાંઠ ગાંઠ ધરાવે છે કે નહી તે દિશામાં તપાસ તજવજી ચાલુ છે. અરજદારને જામીન મુક્ત કરવાથી તેઓ સહ આરોપીને ધાક–ધમકી આપી, ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરે તેવી તેમજ મુદ્દત તારીખે અદાલતમાં હાજર ન રહે તેવી શક્યતા રહેલી છે. જેથી, સદર તમામ હકીકત ધ્યાને લઈ અરજદાર/આરોપીની હાલની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૫) પક્ષકારોની રજુઆતો તથા સમગ્ર રેકર્ડ લક્ષમાં લીધા. કોઈ પણ બિનજામીનપાત્ર ગુનાના કામે આરોપીને જામીન ઉપર મુક્ત કરવો કે કેમ તે બાબતે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૩ ની જોગવાઈ મુજબ અદાલતની વિવેકબુદ્ધિની સત્તાને આધીન રહેલી છે અને આવી વિવેકબુદ્ધિની સત્તા કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતોને આધીન વાપરવાની રહે છે. અરજદાર/આરોપી વિરૂદ્ધ આક્ષેપીત ગુનાના કામે રજુ જામીન અરજી નિર્ણીત કરતી વખતે આક્ષેપીત ગુના સંબંધે નિર્દિષ્ટ કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાને લેવી તે જ એકમાત્ર પરિબળ નથી. જામીન અરજી નિર્ણીત કરતી વખતે ગુના અંગે નિર્દિષ્ટ સજાની જોગવાઈ ઉપરાંત ગુનાનો પ્રકાર, ગુનાની ગંભીરતા, આરોપીની વય, ટ્રાયલ દરમિયાન આરોપીની હાજરી મળી આવવાની સંભાવના વિગેરે પરિબળો પણ લક્ષમાં લેવાના રહે છે. સદર કામે ફરિયાદની હકીકત મુજબ, આરોપી સંજયભાઇ ઉર્ફે કેકડો સ/ઓ મહેશભાઇ ઠાકોર તથા આકાશ કીશનભાઇ ઠાકોર તથા ચીંટુ ઉર્ફે પંકજ ઠાકોર નાઓએ તા.૨૧/૧૧/૨૦૨૫ ના કલાક ૧૬/૫૦ વાગ્યે મોજે બાવળા સુથારવાસ ચીંટુ ઉર્ફે પંકડ ઠાકોરના ઘરની બાજુમાં આવેલ ખુલ્લા પ્લોટમાં તા.બાવળા ખાતે નાઓએ પોતાના કબ્જા ભોગવટાવાળી એક સફેદ કલરની આઈ–૧૦ ગાડી જેઓ આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબર જીજે–૩૮–બીજી–૭૦૩૧ છે જેની શીટો ઉપર અલગ અલગ બ્રાન્ડની ભારતીય બનાવટના વિદેશી દારૂ જેમાં બ્લેન્ડર પ્રાઇડ સીલેક્ટ પ્રીમીયમ વ્હીસ્કી ૭૫૦ મી.લી. બોટલ નંગ ૨૪ કિં. રૂા. ૪૮,૦૦૦/– તથા રોયલ સ્ટેગ ડીલક્સ વ્હિસ્કી ૭૫૦ મી.લી. બોટલ નંગ ૨૪ કિં. રૂા.૩૧,૨૦૦/– તથા ગ્રીન લેબલ ધ રીચ બ્લેડ વ્હીસ્કી ૭૫૦ મી.લી. બોટલ નંગ ૧૨ કિં. રૂા. ૧૩,૨૦૦/– તથા કીંગફીશર સુપર સ્ટ્રોંગ પ્રીમીયમ બીયર ૫૦૦ મી.લી. ટીન નંગ ૨૧૬ કિં. રૂા. ૪૭,૫૨૦/– તથા રોયલ સ્ટેગ ડીલક્સ વ્હીસ્કી ૧૮૦ મી.લી. બોટલ નંગ ૧૪૪ કિં. રૂા. ૪૬,૮૦૦/– તથા કીંગફીશર સુપર સ્ટ્રોંગ પ્રીમીયમ બીયલ ૬૫૦ મી.લી. ટીન નંગ ૨૪ કિં. રૂા. ૬,૭૨૦/– તથા ટુરબો પ્રીમીયમ બીયર સ્ટ્રોંગ ૬૫૦ મી.લી. ટીન નંગ ૨૪ કિં. રૂા. ૬,૭૨૦/– તથા ઓલ સીઝન ગોલ્ડન કલેક્શન રીઝર્વ વ્હીસ્કી ૧૮૦ મી.લી. બોટલ નંગ ૪૮ કિં. રૂા. ૧૬,૮૦૦/– તથા મેકડોવેલ્સ નં વન સેલેબ્રેશન ત્રીપલ એક્સ રમ ૧૮૦ મી.લી. બોટલ નંગ ૯૬ કિં. રૂા. ૨૬,૪૦૦/– તથા સીગ્નેચર રેર એઝ વ્હીસ્કી ૭૫૦ મી.લી. બોટલ નંગ ૧૦ કી.રૂા.૨૫,૦૦૦/– મળી કુલ નંગ ૬૬૨ કંપની શીલબંધ બોટલો મળી કુલ કિંમત રૂા. ૨,૬૪,૩૬૦/– તથા એક સફેદ કલરની આઇ ટેન ગાડી

જેનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબર જીજે–૩૮–બીજે–૭૦૩૧ છે અને જેની આશરે કિં. રૂા. ૩,૦૦,૦૦૦/– ની ગણી કુલ કિં. રૂા. ૫,૬૪,૩૬૦/– ની મત્તાનો પ્રોહી મુદ્દામાલ વગર પાસ પરમીટે ગેર કાયદેસર રીતે વેચાણ કરવાના ઈરાદે રાખી રેઈડ દરમ્યાન હાજર નહીં મળી આવી ગુનો કર્યો હોવાનો ફરિયાદપક્ષનો કેસ છે.

સદર કામે ફરિયાદની હકીકત લક્ષમાં લેતાં, પોલીસ તપાસના કામે અરજદારની હાજરીની વધુ જરૂરીયાત રહેલ હોવાનું જણાઈ આવતું નથી. વધુમાં, સદર ગુનાના અન્ય આરોપી ઘનશ્યામભાઈ ચમનભાઈ વાઘેલા, પંકજકુમાર ઉર્ફે ચિન્ટુ પ્રકાશભાઈ ઠાકોર, સંજયભાઈ ઉર્ફે શની ઉર્ફે કેકડો મહેશભાઈ ઠાકોર, આકાશ કિશનભાઈ ઠાકોર નાઓને રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરેલ હોઈ તેમજ કેસની હકીકત ધ્યાને લેતાં, અરજદારની સદર ગુનાના કામે રહેલ ભૂમિકા તથા હાલના અરજદારને પણ લૉ ઑફ પેરીટીના સિદ્ધાંતના આધારે જામીન મુક્ત કરવામાં આવે તો તે યોગ્ય ગણી શકાય. ઉપરોક્ત તમામ હકીકતો લક્ષમાં લેતાં તથા કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલની કિંમત ધ્યાનમાં રાખતા, નામ. સર્વોચ્ચ અદાલતે તથા નામ. ગુજરાત હાઈકોર્ટે તેમના વિવિધ ચુકાદામાં જામીન સંબંધીત પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો મુજબ અરજદાર/આરોપીને શરતોને આધીન જામીન મુક્ત કરવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયોચિત જણાતું હોઈ, જામીન અરજી લગત ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદાર/આરોપીની હાલની અરજી "મંજૂર" કરવામાં આવે છે. અરજદાર/આરોપી **આકાશભાઈ સ/ઑફ કિશનભાઈ મગનભાઈ ઠાકોર**, રહે. મતિયાવાસ, બાવળા, તા. બાવળા, જિ. અમદાવાદ નાઓને બાવળા પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૧૯૨૦૦૮૨૫૦૬૪૬/૨૦૨૫, પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧ તથા ૯૮(૨) મુજબના ગુનાનાં કામે અરજદારે રૂા.૨૫,૦૦૦/–(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)ના સદ્ધર જામીન સહિતના જાતમુચરકા સબંધિત ટ્રાયલ અદાલતમાં આપ્યેથી નીચેની શરતોને આધીન જામીન મુક્ત કરવામાં આવે છે.

**<u>શરતોઃ</u>–**

(૧) અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમિયાન નિયમીતપણે અદાલત સમક્ષ હાજર રહેવું.

(૨) અરજદાર/આરોપીએ પોલીસ તપાસમાં સહકાર આપવો. ફરિયાદપક્ષના પુરાવા સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નુકશાન થાય તેવું કૃત્ય કરવું કે કરાવવું નહી.

(૩) અરજદાર/આરોપીએ આવા અન્ય કોઈ પણ ગુનાહિત કૃત્યમાં સંડોવણી થાય તેવું કૃત્ય કરવું/કરાવવું નહી.

(૪) અરજદાર/આરોપીએ તેમનું કાયમી તથા હંગામી સરનામું પુરાવા સાથે તથા મોબાઈલ નંબર પોતાનો તથા જામીનદારનો અદાલત સમક્ષ રજૂ કરવું તથા તેમાં ફેરફાર થયેથી તપાસ કરનાર અમલદાર તથા સંબંધિત અદાલતને તેની જાણ દિન–૭ માં કરવી.

(૫) અરજદાર/આરોપીએ ચાર્જશીટ ન થાય ત્યાં સુધી દર મહીનાની ૦૧ થી ૦૬ તારીખ સુધી સંબંધીત પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવી.

(૬) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતાં હોય તો દિન–૭ માં સંબંધિત ટ્રાયલ અદાલતમાં જમા કરાવવો અને જો અરજદાર પાસપોર્ટ ધરાવતાં ન હોય તો તેવી હકીકત સોગંદનામાથી જાહેર કરવી.

(૭) અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટની પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહી.

સદર હુકમની યાદી સંબંધિત અદાલતને તથા પોલીસ સ્ટેશનને લેખિતમાં મોકલવી.

આ હુકમ આજરોજ તારીખ–૧૧, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા.૧૧/૦૩/૨૦૨૬

(**પી. પી. જાડેજા**)
૮મા અધિક જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રી,
ધોળકા, અમદાવાદ (ગ્રામ્ય)
**જજ કોડ જી.જે. ૦૦૮૩૨**

જે. ડી. ડાભી (પી.એ.)